જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી
જિલ્લા સેવા સદન કેમ્પસ, જુની કોર્ટ બિલ્ડીંગમાં, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ :૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/૨૦૨૧-૨૨/૯૮૩૫ થી ૯૮૪૪. તા.૧૧/૧૦/૨૦૨૧

સમય મર્યાદા

ડિજિટલ ગુજરાત પોર્ટલ

પ્રતિ,

૧) આચાર્યશ્રી,સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ, જિ.સુરત

૨) આચાર્યશ્રી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - કોલેજ તમામ, જિ.સુરત.

૩) આચાર્યશ્રી, સરકારી - આઈ.ટી.આઈ તમામ, જિ.સુરત.

વિષયઃ વર્ષઃ ૨૦૨૧-૨૨ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/ ફુડબીલ સહાય/ સાધન સહાય/ એમ.ફીલ-પી.એચ.ડી સહાય/ ITI સ્ટાઇપેન્ડ/ ખાનગી ટ્યુશન સહાય(વિ.પ્ર.)/ ટેબલેટ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત
( https://www.digitalgujarat.gov.in )

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT થી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આ સાથેનાપત્રક-અ મુજબની યોજનાઓ મુજબ આ સાથેના "માસવાર આયોજન" પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઇ Digital Gujarat Portal પર ઓનલાઇન અરજીઓ કરાવવાની રહેશે. જે બાબતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના દ્વારા દૈનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ પણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો વખતની તમામ સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે.

(જાહેરાતની નકલ સામેલ છે.)

ઉક્ત જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ફરી આપની જાણ સારૂ આપવામાં આવે છે.

A. <u>વિદ્યાર્થીઓએ કરવાની/સમજવાની કાર્યવાહીઃ-</u>

(૧) પ્રથમ વખત અરજી કરનાર ફ્રેશ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઇટ પર Citizen તરીકે નવું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નવું રજીસ્ટ્રેશન આધાર નંબર, E-mail ID, મોબાઇલ નંબર તેમજ <u>પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે.</u> રજીસ્ટ્રેશન વખતે E-mail ID અને મોબાઇલ નંબર ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યાં સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/સહાય મળી ન જાય ત્યાં સુધી ચાલુ રાખવા વિનંતી છે.) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએપોતાના મોબાઇલ નંબર/આધાર નંબર કે Email Id ને પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ Login કરી પોતાની

પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે. (My Profile Update થયેલ ન હોય તો પ
વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકે છે.)

જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃત્તિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે-તે લાગુપડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો ID-Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forget Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર UserID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forget Password" મેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

(૩) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Scholarship"Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૪) "Scholarship" Option પર ક્લિક કર્યા બાદ Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ કે ૨૦૨૦-૨૧ સીલેક્ટ કર્યેથી જો વર્ષ: ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ કે ૨૦૨૦-૨૧ માં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓનલાઇન અરજી કરવા માટે Financial Year ડ્રોપ ડાઉનમેનુમાં વર્ષ ૨૦૨૧-૨૨ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૫) જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" બટન પર ક્લીક કરી "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૧-૨૨ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૬) જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Scholarship" Option પર ક્લીક કરી "Request a New Service" બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૧-૨૨ સીલેક્ટ કરી "(Director Developing Caste Welfare)"

હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ Upload થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરૂ અરજીપત્રક ભરાઇ ગયા બાદ પોતાના મોબાઇલ પર OTP મેળવી ઓનલાઇન અરજી "Final Submit" કરવાની રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૭) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓ પાસેથી આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરાવવાની રહેશે.

(૮) તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી જો કોઇ વિદ્યાર્થીએ તેના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ(સીડીંગ) કરાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

(૯) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૧૦) ગુજરાતના મૂળવતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય બહાર Out State માં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Digital Gujarat Portal પર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે "Registration Detail → Current Address State" માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.

(૧૧) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે.

(૧૨) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે.(વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ ભરવાની રહેશે. સેમેસ્ટર પધ્ધતિ મુજબ તારીખ ભરવાની નથી.)

(૧૩) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાની રહેશે.(વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૧૪) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

(૧૫) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ.જેથી ઓનલાઇન અરજીમાં વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાએ આવી અરજી પરત કરી વિદ્યાર્થી પાસે જરૂરી સુધારા વધારા કરાવવાના રહેશે તેમજ અરજી પરત કર્યા અંગે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવાની રહેશે. (પોર્ટલમાં વિદ્યાર્થીના લોગીનમાં હવે "Withdraw"ની ફેસેલીટી પણ મુકવામાં આવેલ છે જેથી જો સંસ્થાએ વિદ્યાર્થીની અરજી પર કોઇ કાર્યવાહી ન કરેલ હોય તો વિદ્યાર્થી જાતે જ પોતાની અરજી પરત ખેચી શકશે અને પોતાની અરજીમાં સુધારા વધારા કરી ફરી સેન્ડ કરી શકશે.)

(૧૬) ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી Egram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.

(૧૭) શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થી/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

(૧૮) વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઇ જરૂર જણાય તો હેલ્પ ડેસ્ક નં:18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

(૧૯) સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિચરતી વિમુક્ત જાતિના વિધાર્થીઓએ નિયમોનુસાર પાત્રતા ધરાવતા હોય તો બીસીકે-૩૨૫ યોજનામાં જ અરજી કરવાની રહેશે.

B. ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધો:૧૧-૧૨) / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ કરવાની કાર્યવાહીઃ-

(૧) ગત વર્ષે શાળા/કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાએ જે ID-Password ની મદદથી શિષ્યવૃત્તિ/સહાય/ટેબલેટ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Password ની મદદથી ચાલુ વર્ષ:૨૦૨૧-૨૨ માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો "Forget Password" Option ની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ શાળા / સંસ્થા/ કોલેજમાં આચાર્યશ્રી બદલાયેલ હોય કે નિવૃત થયેલ હોય તો તેવી સંસ્થાના આચાર્યશ્રીઓનું નામ/મોબાઇલ નંબર જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી બદલી શકે છે.)

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી "KCG, Ahmedabad" પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password: Abcd@123 રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ Change કરવાનો રહેશે.

જે કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થા પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/ સંસ્થાએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. કોલેજ/યુનિવર્સીટી દ્વારા કોર્ષની

વિગતો અપડેટ કરવામાં આવશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે Website પર જે તે કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાનુ નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી. (શાળાઓએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની કાર્યવાહી કરવાની રહેતી નથી.)

વધુમાં સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ ITI એ પોતાનો ID Password પોતાની રીઝીઓનલ ઓફીસ (RDD) પાસેથી મેળવી લેવાનો રહેશે જ્યારે પ્રાઇવેટ ITI ની કામગીરી જે તે નોડલ ITI મારફત કરવાની રહેશે.

(૨) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ જે તે કેટેગરી-જાતિના વિદ્યાર્થીઓ સરકારશ્રીની યોજનામાં મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાની વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)
વધુમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં ઇન્ટરનેટની સુવિધા કરાવી IT ના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૩) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી) પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે. જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાની કામગીરી નિર્ધારીત તારીખો પહેલા પુરી થઇ જાય તો આખર તારીખની રાહ ન જોતા તુર્ત જ દરખાસ્ત સંબધિત કચેરીને જમા કરાવવાની રહેશે.

<u>અન્ય સૂચનાઓઃ-</u>

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓ જે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની ફાઇલ અલગ, ભોજનબીલની ફાઇલ અલગ વિગેરે.

(૨) શિષ્યવૃત્તિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃત્તિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(૩) જરૂર જણાય સંસ્થાએ વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક યોજી/ વિડિયો કોન્ફરન્સ યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૪) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે તેના આધાર તેમજ ફી રેગ્યુલેટરી કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર તેમજ શાળા/સંસ્થાનુ ગત વર્ષનું પરિણામ વિગેરે પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે આવો ત્યારે રજુ કરવાના રહેશે.

જો શાળા/સંસ્થા પાસે ફી રેગ્યુલેટરી કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખું નહિ હોય તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ વિદ્યાર્થીઓને શિક્ષણ ફી ચુકવી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જો કોઇ સંસ્થા દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી થયેલ ફી કરતા ઓછી ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી હોય તો ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થી પાસેથી ખરેખર જે ફી લેવામાં આવે છે તે જ ફી ભરવાની રહેશે અને જે ફી ભરવામાં આવે તે વાર્ષિક ભરવાની રહેશે. (ફી છ માસની કે સેમેસ્ટરની ભરવાની રહેશે નહિ)

શાળા/કોલેજ/સંસ્થા મારફત આપવામાં આવતી ફી રસીદ ઉપર કોલેજનું નામ, કોલેજનો પ્રકાર (સરકારી/ગ્રાંટ ઇન એઇડ/ખાનગી), વિદ્યાર્થીનું નામ, એડમીશનનો પ્રકાર (GOV/GIA/SFI) અભ્યાસક્રમનું નામ, વર્ષ અને સેમેસ્ટર, અભ્યાસક્રમનું વર્ષ (૨૦૨૧-૨૨), તેમજ ફી ની વિગતમાં શિક્ષણ ફી નો ઉલ્લેખ હોવો જોઇએ એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે અને શાળા/કોલેજના સહિ-સિક્કા સાથેની જ ફી રસીદ અપલોડ કરવાની રહેશે, જો ઓનલાઇન રીસીપ્ટ હોય તો ઉપર મુજબની તમામ વિગતો હોય તો તેના પર રાઉન્ડ સીલ મારીને જ અપલોડ કરવાનું રહેશે. તેમજ વિદ્યાર્થીની ફી રસીદ સાથે શાળા/કોલેજના એફ.આર.સી. ની પ્રમાણિત નકલ પણ અપલોડ કરવાની રહેશે. જો તેમ કરવામાં નહિ આવે તો શિક્ષણ ફી ચૂકવવામાં આવશે નહિ અને તેની સંપૂર્ણ જવાબદારી શાળા/કોલેજના આચાર્યશ્રી તથા વિદ્યાર્થીની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

બીસીકે-૩૨૫ અને બીસીકે-૯૮ ની યોજનામાં અરજી કરતા વિદ્યાર્થીઓએ આખા વર્ષની પુરેપુરી શિક્ષણ ફી ભરેલ હશે તો જ તેઓને મહત્તમ મર્યાદામાં શિષ્યવૃત્તિ ચૂકવી શકાશે જેની પણ ખાસ નોંધ લેવા વિનંતી છે.

બીસીકે-૮૧ અને બીસીકે-૧૩૮ ની યોજના ફક્ત સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે જ હોય આ યોજનામાં સ્વનિર્ભર (ખાનગી) શાળા/કોલેજ/સંસ્થાએ અરજી કરવી નહિ, તેમ છતાં જો અરજી કરવામાં આવશે અને કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ શરતચૂકથી મંજુર થશે તો તેની રીકવરીની જવાબદારી જે-તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીની રહેશે, જેને શિષ્યવૃત્તિના બજેટ હેડે ચલણથી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

બીસીકે-૮૩ અને બીસીકે-૧૩૯ ની યોજના ફક્ત સરકારી આઇ.ટી.આઇ .અને પોલીટેકનીક કોલેજો માટે જ હોય આ યોજનામાં ગ્રાંટ ઇન એઇડ કે સ્વનિર્ભર (ખાનગી) આઇ.ટી.આઇ .અને પોલીટેકનીક કોલેજોએ અરજી કરવી નહિ, તેમ છતાં જો અરજી કરવામાં આવશે અને કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ શરતચૂકથી મંજુર થશે તો તેની રીકવરીની જવાબદારી જે-તે આઇ.ટી.આઇ .અને પોલીટેકનીક કોલેજોના આચાર્યશ્રીની રહેશે, જેને શિષ્યવૃત્તિના બજેટ હેડે ચલણથી સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

(૫) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે.

(૬) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/સિક્કા વાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૭) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ ૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આવકનું પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારીશ્રી / મામલતદારશ્રીનું રજુ કરે તો તા.૦૧/૦૪/૨૦૧૯ પછીનું જ અપલોડ કરવાનું રહેશે જો તે અગાઉનું પ્રમાણપત્ર હોય તો નવું પ્રમાણપત્ર મેળવીને અપલોડ કરવાનું રહેશે.

આવકનું પ્રમાણપત્ર તલાટી કમ મંત્રીશ્રીનું રજુ કરે તો તા.૦૧/૦૪/૨૦૨૧ પછીનું જ અપલોડ કરવાનું રહેશે જો તે અગાઉનું પ્રમાણપત્ર હોય તો નવું પ્રમાણપત્ર મેળવીને અપલોડ કરવાનું રહેશે.

(૮) વિદ્યાર્થી વર્ષ:૨૦૨૧-૨૨ માં જે અભ્યાસક્રમ કરતા હોઇ, તેના આગલા વર્ષ/સેમેસ્ટરની રીઝલ્ટ જ અપલોડ કરવાનું રહેશે.

(૯) વિદ્યાર્થી દ્વારા અપલોડ કરેલ તમામ પુરાવા સ્પષ્ટ રીતે વંચાય છે કે નહિ તેની પુરતી ખરાઇ કર્યા બાદ જ જે-તે વિદ્યાર્થીની ઓનલાઇન અરજી ફોરવર્ડ કરવાની રહેશે. અનુભવે જણાયું છેક એ શાળા/કોલેજ મારફત પુરાવાઓની ખરાઇ કર્યા વગર જ ઓનલાઇન ફોરવર્ડ કરી દેવામાં આવે છે, પૂર્તતા પણ ચેક કરવામાં આવતી નથી. જો તેમ કરવામાં આવશે અને પુરાવા સ્પષ્ટ રીતે વંચાય નહિ તો અત્રેથી આવા વિદ્યાર્થીઓની અરજી નામંજુર કરવામાં આવશે. તે અંગેની તમામ જવાબદારી જે-તે શાળા/કોલેજના આચાર્યશ્રીની તથા વિદ્યાર્થીની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

(૧૦) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) સંસ્થાએ દરેક વિધાર્થીને સત્ર શરૂ થવાની તેમજ પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૨) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવાવમાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિદ્યાર્થીઓના ખાતા ખોલાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/સંસ્થાઓએ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ફોર્મ ઓનલાઇન ભરાવવામાં શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થા કક્ષાએ જરૂરી તમામ મદદ કરવાની રહેશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.

૦૨૫૦- અન્ય સામાજિક સેવાઓ

૧૦૧- અનુ.જાતિ, અનુ. જન જાતિ તથા અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ.

(જે યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

(૧૫) શાળા/સંસ્થા દ્વારા જો કોઇ ડમી/ભુતિયા વિદ્યાર્થીઓની દરખાસ્ત રજુ કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જેતે શાળા/સંસ્થાની નક્કી કરી સંબધિતો દ્વારા શાળા/સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

(૧૬) જો કોઇ વિદ્યાર્થીઓને કોઇ કારણસર બ્લેકલીસ્ટ કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓની અરજી આચાર્યશ્રીઓએ જિલ્લા કચેરીઓને મોકલવાની રહેશે નહિ.

(૧૭) પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની હાજરી ૭૫% હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્રમ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્ય/વડાએ ખાસ રાખવાની રહેશે તેમજ અગાઉના વર્ષમાં જે વિદ્યાર્થીની હાજરી ૭૫% હોય તેવા જ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ જિલ્લા કચેરીએ મોકલવાની રહેશે.

(૧૮) ગુજરાત રાજ્યના મુળ વતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની દરખાસ્તો જ રજુ કરવાની રહેશે.

(૧૯) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃત્તિ હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૨૦) વિકસતી જાતિ કલ્યાણ ગુ.રા. ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર/કન્યા છાત્રાલયો તથા સરકારશ્રી દ્વારા સંચાલીત છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા અને/અથવા જમવાની સગવડ મફત હોય તેઓને ૧/૩ (વનથર્ડ) ના દરે શિષ્યવૃતિ (નિભાવદર) આકારવામાં આવશે

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વિકસતી જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરાવવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ:-

૧. ઉક્ત તમામ વિગતો/માહિતી માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવામાં આવશે. સબંધિત યોજનાના તમામ ઠરાવો અત્રેના ખાતાની વેબસાઇટ તેમજ અત્રેની કચેરીએથી મળી શકશે. વધુમાં આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિષ્યવૃત્તિની કામગીરી માટે તેઓના કલાર્કશ્રી ફાઇલ લઇને જિલ્લા કચેરીએ આવે ત્યારે કલાર્કશ્રી જ્યાં સુધી શિષ્યવૃત્તિની કામગીરી પુરી ન થાય ત્યાં સુધી જિલ્લા કચેરીને પોતાનો સમય ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

૨. કોવિડ-૧૯ મહામારી અંતર્ગત વખતો વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓને ધ્યાનમાં રાખી તમામ કામગીરી કરવાની રહેશે.

(એચ.એચ.રાજ્યગુરૂ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

(આર.ડી.બેલદાણિયા)
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

બિડાણ: ઉપર મુજબ (જાહેરાતની નકલ, પત્રક-અ, માર્ગદર્શક સૂચનાઓ, માસવાર આયોજન પત્રક)

<u>નકલ સવિનય રવાના</u> :-

(૧) માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) કુલ સચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, ઉધના, મગદલ્લા રોડ, સુરત - ૩૯૫૦૦૭ તરફ જાણ તથા યુનિવર્સિટીના તમામ વિભાગો તેમજ તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૩) કુલ સચિવશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સિટી, ભરથાણા રોડ, વેસુ, સુરત – ૩૯૫૦૦૭ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૪) કુલ સચિવશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સિટી, બારડોલી-મહુવા રોડ, ગોપાલ વિદ્યાનગર, બારડોલી – ૩૯૪૩૫૦ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૫) કુલ સચિવશ્રી, પી.પી. સવાણી યુનિવર્સિટી, ને.હા. નં.૮, બીલટેક નજીક, ધામદોડ, કોસંબા - ૩૯૪૧૨૫ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૬) કુલ સચિવશ્રી, સરદાર વલ્લભભાઇ નેશનલ ઇંસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ઇચ્છાનાથ, સુરત – ૩૯૫૦૦૭ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.), વિચરતી-વિમુક્ત જાતિ (N.T.D.N.T.) આર્થિક રીતે પછાત વર્ગ (E.B.C.), અને લઘુમતી (MINORITY) ની શૈક્ષણિક યોજનાઓની વિગત

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઃ- પત્રક – અ

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક ) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બીસીકે-૭૮ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કન્યા માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૨ | બીસીકે-૧૩૭ કન્યાઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કન્યા માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | કન્યાઓ માટે કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૩ | બીસીકે-૮૧ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. | ફકત કુમાર માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |
| ૪ | બીસીકે-૧૩૮ કુમાર માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | વિચરતી વિમુક્ત | ફકત કુમાર માટે | ગ્રૂપ-એ | ૨૮૦/- | ૧૨૫/- | ગ્રામ્યવિસ્તાર | શહેરીવિસ્તાર | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| | | | | ગ્રૂપ-બી | ૧૯૦/- | ૧૨૫/- | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| | | | | ગ્રૂપ-સી | ૧૯૦/- | ૧૨૫/- | | | |
| | | | | ગ્રૂપ-ડી | ૧૭૫/- | ૯૦/- | | | |
| | | | | ગ્રૂપ-ઇ | ૧૧૫/- | ૬૫/- | | | |

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર( માસિક ) | ડેસ્કોલર(માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૫ | બીસીકે-૮૦<br>મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમાના વિદ્યાર્થીઓને સાધન સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ | વાર્ષિક રૂા.૧૦,૦૦૦/- | | રૂા.૨,૫૦,૦૦૦/- | | સરકારી,ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો |
| | | | | એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૫,૦૦૦/- | | | | સાધન ખરીદી કરીને બિલ રજુ કરવાનું રહેશે. |
| | | | | ડીપ્લોમા | વાર્ષિક રૂા.૩,૦૦૦/- | | | | |
| ૬ | બીસીકે-૭૯<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | મેડીકલ<br>એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૧૫,૦૦૦/- | | રૂા.૪,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો |
| ૭ | ડીએનટી-૨<br>મેડીકલ, એન્જીનીયરીંગ, વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | મેડીકલ<br>એન્જીનીયરીંગ | વાર્ષિક રૂા.૧૫,૦૦૦/- | | રૂા.૪,૫૦,૦૦૦/- | | સરકારી,<br>ગ્રાન્ટ ઇન એઇડ<br>સ્વનિર્ભર કોલેજો |
| ૮ | બીસીકે-૮૩<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ.<br>માસિક રૂા.૪૦૦/- | વાર્ષિક રૂા.૪,૮૦૦/- | | ગ્રામ્યવિસ્તાર<br>રૂા.૧,૨૦,૦૦૦/- | શહેરીવિસ્તાર<br>રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો |
| ૯ | | આ.પ.વ. | | | | | | | |
| ૧૦ | | લઘુમતી | | | | | | | |
| ૧૧ | બીસીકે-૧૩૯<br>તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સરકારી આઇ.ટી.આઇ.<br>માસિક રૂા.૪૦૦/- | વાર્ષિક રૂા.૪,૮૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી આઇ.ટી.આઇ. અને પોલીટેકનીક કોલેજો |

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | કુમાર કન્યા | ધોરણ | નિભાવભથ્થાના દર | | વાર્ષિકઆવક મર્યાદા | | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હોસ્ટેલર (માસિક) | ડેસ્કોલર (માસિક) | ગ્રામ્ય વિસ્તાર | શહેરીવિસ્તાર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | બીસીકે-૯૮<br>એમ.ફીલ, પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | અનુસ્નાતક પછીના કોઇ પણ અભ્યાસક્રમ માટે | એમ.ફીલ માટે વાર્ષિક રૂા.૨૫,૦૦૦/- અને પી.એચ.ડી. માટે વાર્ષિક રૂા.૩૦,૦૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ સ્વનિર્ભર કોલેજો/ યુનિવર્સીટી |
| ૧૩ | બીસીકે-૮૧ સી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સીટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતતિ | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ઓપન યુનિવર્સીટીના અભ્યાસક્રમો | ઓપન યુનિવર્સીટીની શિક્ષણ ફી વધુમાં વધુ રૂા.૨,૫૦૦/- | | રૂા.૧,૨૦,૦૦૦/- | રૂા.૧,૫૦,૦૦૦/- | ઓપન યુનિવર્સીટી |
| ૧૪ | બીસીકે-૩૨૫<br>સ્વનિર્ભર કોલેજમાં અભ્યાસ કરતાં વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય | વિચરતી વિમુક્ત | કુમાર કન્યા | સ્વનિર્ભર કોલેજના તમામ અભ્યાસક્રમો | વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/- સુધીની શૈક્ષણિક સહાય | | રૂા.૨,૦૦,૦૦૦/- | | ફક્ત સ્વનિર્ભર કોલેજ |
| ૧૫ | ટ્યુશન સહાય યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ | રૂા.૧૫,૦૦૦/- | | રૂા.૪,૫૦,૦૦૦/- | | ખાનગી ટ્યુશન કલાસીસ વિદ્યાર્થીએ ધો.૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ. |
| | | | | ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ | રૂા.૧૫,૦૦૦/- | | | | |
| ૧૬ | ટેબ્લેટ સહાય યોજના | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | સ્નાતક કક્ષાના તમામ પ્રવાહમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર અને શિક્ષણ ખાતા તરફથી ટેબ્લેટ મળેલ હોવું જોઇએ તથા રૂા.૧૦૦૦/- શિક્ષણ ખાતામાં ભરેલા હોવા જોઇએ. | રૂા.૧૦૦૦/- | | કોઇ વાર્ષિક આવક મર્યાદાઓ નથી. | | સ્નાતક કક્ષાના તમામ પ્રવાહમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર અને શિક્ષણ ખાતા તરફથી ટેબ્લેટ મળેલ હોવું જોઇએ તથા રૂા.૧૦૦૦/- શિક્ષણ ખાતામાં ભરેલા હોવા જોઇએ. |

નોંધ: ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર વિકસતી જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે.)

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
## નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

**ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ ITI/ સંસ્થાઓ પાસેથી વર્ષ:૨૦૨૧-૨૨ની પોસ્ટમેટ્રીક યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક (વર્ષ:૨૦૨૧-૨૨)**

| અ. | માસ | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓએ કરવાની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | ઓક્ટોબર-૨૦૨૧ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓએ તમામ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન તા:૧૧/૧૦/૨૦૨૧ થી ૧૫/૧૧/૨૦૨૧ સુધી કરાવવી. તા:૩૦/૧૦/૨૦૨૧ સુધીમાં જે અરજીઓ મળેલ હોય તે જિલ્લા કચેરીઓને ઓનલાઇન અરજીઓ તથા હાર્ડકોપી સહિતની દરખાસ્ત મોકલી આપવી.<br><br>(ઉક્ત તારીખો પહેલા જો સંસ્થામાં દરખાસ્તો તૈયાર થઇ જાય તો વહેલા જિલ્લા કચેરીઓએ રજુ કરવી.) | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓને વર્ષ ૨૦૨૧-૨૨નો પરીપત્ર તા:૧૧/૧૦/૨૦૨૧ સુધીમાં મોકલી આપવો.<br><br>૧) ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓ તરફથી જેમ જેમ વર્ષ:૨૦૨૧-૨૨ની ઓનલાઇન એપ્લીકેશન/દરખાસ્તો મળતી જાય તેમ તેમ એપ્લીકેશન મંજુરીની કામગીરી કરવી.<br>જેમ જેમ એપ્લીકેશન એપ્રુવ થતી જાય તેમ તેમ બીલો બનાવી ટ્રેઝરીમાં બીલો દાખલ કરવાની કામગીરી કરવી. | જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હોય અને ચાલુ વર્ષે રીન્યુઅલ માટે Eligible થતા હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ ખાતામાં રીન્યુઅલ તરીકે મુકવી.<br><br>જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકેશન ફોરવર્ડ કરવા બાબતના તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનું નિરાકરણ |
| ૨ | નવેમ્બર - ૨૦૨૧ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે શાળા / કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાના બાકી રહેતા તમામ ફ્રેશ/રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન કરાવી સંબધિત જિલ્લા કચેરીને તા:૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં હાર્ડકોપી સહિતની દરખાસ્તો મોકલવી. | વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ની ૧૦૦% પોસ્ટ શિષ્યવૃત્તિ યોજનાની એપ્લીકેશન નિયમોનુસાર મંજુર કરી બીલો બનાવી ટ્રેઝરીમાં મોકલી આપવા અને ૧૦૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનુ ચુકવણું તા:૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થા/ જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકેશન ને લગતા તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનુ નિરાકરણ |

# ડીજિટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ તથા યોજનાની વિગતો

(વર્ષ ૨૦૨૧-૨૨)


નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

ગુજરાત રાજય

ગાંધીનગર

# વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકો Online ભરવા અંગેની સુચનાઓ

## (https://www.digitalgujarat.gov.in)

- ➔ પ્રથમ વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal** વેબસાઇટ પર **Citizen** તરીકે નવું રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર, **E-mail ID**, મોબાઇલનં તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે **E-mail ID** અને મોબાઇલ નંબર ફરજીયાત છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે.) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબર/ આધારનંબર કે **Email Id**ને પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ **Login** કરી પોતાની પ્રોફાઇલ **(My Profile) Update** કરવાની રહેશે. **(My Profile Update** થયેલ ન હોય તો પણ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકે છે.)
- ➔ જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃત્તિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના **Login ID-Password** વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.
- ➔ જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો **ID-Password** ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ **"Forget Password"** પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર **OTP** મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર **User ID** રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. **"Forget Password"** મેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.
- ➔ જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની **SC/ST/OBC** કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.
- ➔ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ **"Scholarship" Option** પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.
- ➔ **"Scholarship" Option** પર ક્લિક કર્યા બાદ **Financial Year** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ કે ૨૦૨૦-૨૧ સીલેક્ટ કર્યેથી જો વર્ષ: ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ કે ૨૦૨૦-૨૧માં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ

૨૦૨૧-૨૨ માટે ઓનલાઇન અરજી કરવા માટે Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૧-૨૨ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

- જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)
- જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" બટન પર ક્લીક કરી "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૧-૨૨ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.
- જે વિકસતી જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" ઓપ્શન પર ક્લીક કરી "Citizen Login/Registration" ઓપ્શનમાં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Scholarship" Option પર ક્લીક કરી "Request a New Service" બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૧-૨૨ સીલેક્ટ કરી "(Director Developing Caste Welfare)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)
- તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ Upload થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરૂ અરજીપત્રક ભરાઇ ગયા બાદ પોતાના મોબાઇલ પર OTP મેળવી ઓનલાઇન અરજી "Final Submit" કરવાની રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

# (વિદ્યાર્થીઓ માટે અન્ય સૂચનાઓ)

➔ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિકસતી જાતિના તમામ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે તા:૧૧/૧૦/૨૦૨૧ થી ૧૫/૧૧/૨૦૨૧ સુધીમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરવાની રહેશે.

➔ તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી જો કોઇ વિદ્યાર્થીએ તેના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

➔ ગુજરાતના મૂળ વતની હોય તેવા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય બહાર Out Stateમાં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Digital Gujarat Portalપર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે "Registration Detail ➔ Current Address State" માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે.

➔ વિદ્યાર્થીએ પોતાનું બેકનું ખાતુ ચાલુ રહે તે માટે બેંકના નિયમ મુજબ KYC (KNOW YOUR CUSTMER)ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થી દ્વારા જો ફોર્મ ભરતી વખતે ખોટો બેંક એકાઉન્ટ નંબર ભરવામાં આવશે અને શિષ્યવૃત્તિ અન્ય ખાતામાં જમા થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

➔ ઘણા વિદ્યાર્થીઓએ પોતાનુ બેંક ખાતુ લાંબા સમયથી ઓપરેટ કરેલ ન હોય (એટલે કે બેંક ખાતામાં પૈસા ઉપાડવાનો કે જમા કરવાનો કોઇ વ્યવહાર કરેલ ન હોય) તેઓના ખાતા ડોરમેન્ટ કે સ્થગિત થઇ ગયેલ હોય છે. આવા ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ શકતી નથી જેથી તમામ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનુ ફોર્મ ભરતી વખતે પોતાનુ ખાતુ ડોરમેન્ટ કે સ્થગિત થઇ ગયેલ નથી તેની ખાતરી બેંકમાં ખાસ કરી લેવાની રહેશે જેથી ઓનલાઇન શિષ્યવૃત્તિ જમા કરતી વખતે મુશ્કેલી ઉભી ન થાય.

➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે. જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય

શાળા / કોલેજ / યુનિવર્સિટીને Online Send થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

- ➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે અને ત્યારબાદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ અપડેટ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ સીલેક્ટ કરી શકશે.
- ➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં આવશે નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃત્તિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃત્તિ માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.
- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધીની રાહ ન જોવી સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ જલદી ફોર્મ ભરી દેવા વિનંતી છે.
- ➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. (વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ ભરવાની રહેશે. સેમેસ્ટર પધ્ધતિ મુજબ તારીખ ભરવાની નથી.)
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.
- ➔ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ. જેથી ઓનલાઇન અરજીમાં વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાએ આવી અરજી પરત કરી વિદ્યાર્થી પાસે જરૂરી સુધારા વધારા કરાવવાના રહેશે તેમજ અરજી પરત કર્યા અંગે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવાની રહેશે. (પોર્ટલમાં વિદ્યાર્થીના લોગીનમાં હવે "Withdraw" ની ફેસેલીટી પણ મુકવામાં આવેલ છે જેથી જો સંસ્થાએ વિદ્યાર્થીની અરજી પર કોઇ કાર્યવાહી ન કરેલ હોય તો વિદ્યાર્થી જાતે જ પોતાની અરજી પરત ખેચી શકશે અને પોતાની અરજીમાં સુધારા વધારા કરી ફરી સેન્ડ કરી શકશે.)
- ➔ ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી Egram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.
- ➔ શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓ/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.
- ➔ વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઇ જરૂર જણાય તો હેલ્પ ડેસ્ક નં:18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

(વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો ધ્યાને રાખવી તથા નીચે મુજબના તમામ ઓરીઝીનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

## ધ્યાને રાખવાની વિગતો:

- વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર OTP (ONE TIME PASSWORD) આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ શિષ્યવૃત્તિ ન મળે ત્યા સુધી કાર્યરત હાલતમાં રહે તે વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાનમાં રાખવુ.

## ડોક્યુમેન્ટ:

- વિદ્યાર્થીનો સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલો
- સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલો વાલીનો આવકનો દાખલો (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા-પિતાએ છૂટાછેડા લીધા હોય છુટાછેડાનો આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે.)
- વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ
- બેંક પાસબુકનું પ્રથમ પાનું જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે/ જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના IFSC તથા નવા બેંક એકાઉન્ટ નંબર વાળી પાસબુક/ચેક)
- ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબ સોગંધનામુ
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)
- પાસપોર્ટ સાઇઝનો ફોટો
- વિદ્યાર્થીનીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર
- આધારકાર્ડ
- જરૂર પડ્યે જિલ્લા અધિકારીશ્રી દ્વારા માંગવામાં આવતા આનુષાંગિક પુરાવા

નોંધ: ૧. વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા (જો કોઇ ડોક્યુમેન્ટ ઓરીજીનલ ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય તો જ નકલ અપલોડ કરવાની છુટ આપવામાં આવશે.)

૨. ફોર્મ સંસ્થામાં જમા કરાવતી વખતે જે ડોક્યુમેન્ટ અપલોડ કરેલ હોય તેની સ્વપ્રમાણિત નકલ સહિત સંસ્થામાં ફોર્મ આપવુ.